# ટાઢ વાય ટાઢી



એક હતા મનનભાઇ અને એક હતા નમનભાઇ. બંન્નેને ભારે દોસ્તી.બંન્ને બકુલમાં હતા.એટલે કે બાલમંદિરના પહેલા વર્ષ બકુલમાં ભણતા હતા. બંન્નેને એક બીજાનો ભારે વાદ. નમન ધોળાં મોજા પહેરી લાવે એટલે મનનનાં લાલ મોજાનુ આવી બને.તેની મમ્મીનએ મનનને ધોળાં મોજાં અપાવી દેવા જ પડે.મનન લીટીવાળો બુશકોટ પહેરી લાવે તો નમને પોતાની મમ્મી પાસે લીટીવાળા બુશકોટની હઠ કરી જ હોય.ચોમાસામાં બન્ને પાસે નાની એવી રંગીન છત્રીઓ આવી.નાના નાના રેઇનકોટ અને ટોપા પહેર્યા હોવા છતાં માળાં બેય બાવલાં છત્રી ઓઢીને નીકળે ત્યારે જોનારા બધા જ ખડખડાટ હસી પડતાં હતાં. એક વખત તો મનનભાઇએ બે દિવસ,ત્રણ દિવસ રાહ જોઇ પણ વરસાદ આવ્યો જ નહી. વાદળાં કોણ જાણે કયા સંતાઇ ગયાં. એટલે મનનભાઇ તો વગર વરસાદે પણ ફૂલ-ફટાક તડકા નીચે રેઇનકોટ અને ટોપી પહેરીને નીકર્યા. એ નીકર્યા એટલે નમનભાઇ પણ નીકર્યા. એ જોઇને તો મનનભાઇની માસી કહેતી હતી કે સૂરજદાદાને પણ બહુ હસવું આવ્યું.એટલું હસવું આવ્યું કે તેમની આંખોમાંથી આંસુ આવી ગયા. અને પછી વરસી પડયાં મનન-નમનના રેઇનકોટ પર ટાપુક ટપુક ,ટાપુક ટપુક. પછી આવ્યો શિયાળો . મનનભાઇને એક ટેવઃ બાલમંદિરમાં સ્વેટર- મોજાં-ટોપાં બધુ ઠાંસીને મનનભાઇ આવે, પણ બહુ રમ્યા-કૂધા પછી ગરમી થાય ત્યારે ટોપનો ધા,સ્વેટરનો ધા, મોજાંનો ધા. સાચવીને મુકે તે બીજા. બકુલના મનનભાઇનાં મોજા ગુલાબમાંથી જડે, તો કદીક બકુલના મનનભાઇનુ સ્વેટર પારિજાતમાંથી જડે, તો કદીક મનનભાઇનો ટોપો લપસીયા નીચેથી મળે, તો કદીક હીંચકા ઉપરથી મળુ. એની મમ્મી એને તેડવા આવે ત્યારે બધે શોધોશધ કરે. માંડ માંડ બધું શોધીને ભેગુ કરે. મનનને તે રોજ સમજાવે કે, બેટા બધુ કાઢીને

જયાં ત્યાં ફેંકી ન દેવાય, પણ બહેનના કબાટમાં મૂકી દેવાય. પણ મનનભાઇતો રમતમાં એવા ડૂબે કે મમ્મીની શિખામણ તો કયાંય ભુલાઇ જાય. નમનભાઇને મનનભાઇને એક વખત સમજાવ્યું મનન તારી મમ્મી રોજ આવીને વઢે છે, તો એમ કરઃ મોજાં મૂકી દે તારા સ્વેટરના ખિસ્સામાં અને સ્વેટરની લાંબી લાંબી બાંયોની તારી કેડ પર વાળી દે ગાંઠ.વાંદરા ટોપો માથેથી ખેંચીને ડોક ઉપર ઉતારી નાખ એટલે તે ગળામાં ઝૂલ્યા કરશે. પછી ખોવાશે નહી.અને પછી તો મનનનભાઇની મમ્મીને થઇ ગઇ૬ ને કાનો હા રને શ ને કાંઇ નહીં શ. કશી શોધવાની, ચિંતા જ ન રહી.

અને શિયાળામા મનનની માસીએ મનનભાઇને ગીત શિખવાડયુ

ટાઢ વાય ટાઢી-ટાઢ વાય ટાઢી ડગ ડગ ડગ ડગ ડગ ડગ થાય દાઢી પ્હેરો રે ગળપટટો, પહેરો સ્વેટર, પહેરો ટોપો, તોય ન માને ટાઢ હઠીલી તો શગડીયે તાપો. બારી બારણાં બંધ કરી દો, ટાઢને મૂકો કાઢી. ટાઢ વાય ટાઢી.

ગ ગણપતિનો? ના,ભાઇ! ના, ના, ગ તો ગલપટટાનો;

ટ ટટટુનો? ના ભાઇ ! ના, ના, ટ તો છે ટોપાનો ;

સ સ્વેટરનો, મ મોજાનો હૂંફ લાવે કાઢી. ટાઢ વાય ટાઢી ડગ ડગ ડગ ડગ ડગ ડગ ડગ દાઢી.

મનનભાઇને રોજ સવારે નવ વાગે બાલમંદિરે જવાનુ હોય. એટલે મમ્મી રોજ સવારે આઠ વાગ્યાથી તૈયાર કરવ મંડે. ઉઠતાં, બ્રશ કરતાં, હાથ-પગ-મોઢું ધોતાં, કપડાં બદલતાં મનનભાઇને તો એવી ટાઢ વાય કે દાઢી તો ડગ ડગ ડગ ડગ ડગ ડગ ડગ થાય.પણ મમ્મી ગરમ કપડાં પહેરાવી દે પછી તો હને દીર્ઘ ઉ હૂ, માથે મીંડુ હૂં. અને ફ ને કાંઇ નહીં ફ . હૂંફ હૂંફ ને હૂંફ લાગે છતાં મનનભાઇ તો ગાયા જ કરેઃ ટાઢ વાય ટાઢી ડગ ડગ ડગ ડગ ડગ ડગ થાય દાઢી.

એક રાતે ટીવીમાં સમાચાર આવ્યા કે કાશ્મીરમાં બરફ પડયો છે. હવામાન સમાચાર વખતે નકશામાં ધોળાં ધોળાં ધાબાં જોઇ મનનના પપ્પાએ કહ્યું કે આજકાલમાં આપણા ભાવનગરમાં પણ સખત ઠંડી પડવાની. અને સાચે જ શિયાળો વધુ કડકડી ઉઠયો.નમનના પપ્પા તો મોટા ઓફીસર હતા, તેથી તેમને તો સુંદર મજાની રેઝ્ઝીનની જરસી અપાવી, તથી નમનભાઇ તો ઠાંસીને આવ્યા બાલમંદીર અને મનનનભાઇ તો જોતાં જ રહી ગયા. તેમણે નમનભાઇને આગળથી જોયા, પાછળથી જોયા, અડખેથી જોયા, પડખેથી જોયા, જરસીને તેમણે અડકીને જોયું ખીસાની ચાંપનું બટન કટ કટ કરી જોયુ,ચેઇન ઉપર નીચે કરવાનો સ્વાદ પણ માણી જોયો. પણ જરસી પહેરવાનો સ્વાદ તો કયાંથીમાણી શકાય ? અને પછી તો મમ્મી બપોરે બાલમંદીરે તેડવા આવી ત્યારે મનનનભાઇએ તો શરૂ કરી હ ને કાંઇ નહી હ અને ઠ ને કાંઇ નહી ઠ. મમ્મીએ બહુ સમજાવ્યુ કે આપણી પાસે નમનના પપ્પા પાસે છે તેટલા પેસા નથી તેથી આપણે એવસ મોંધી જરસી ન લઇ શકીએ. પણ સાંભળુ તે બીજા. મનનનભાઇએ તો શરૂ કરી દીધો રાગડો. ટાઢ વાય ટાઢીનું ગાણું

પડતું અને શરૂ કર્યું રોણું, ભાગ અપાવી, સમજાવી, ફોસલાવી મમ્મી તેમને ધરે લઇ ગઇ. રાત્રે સૂવા ટાણે મમ્મીએ મનનનભાઇનું ગીત ગાવુ શરૂ કર્યું.

ટાઢ વાય ટાઢી. ડગ ડગ ડગ ડગ ડગ ડગ ડગ દાઢી. ગ ગણપતિનો? ના, ભાઇ ! ના,ના, ગ તો ગલપટટાનો;

ટ ટટટુનો? ના,ભાઇ ! ના, ના, ટ તો છે ટોપાનો;

સ સ્વેટરનો, મ મોજાનો હૂંફ લાવે કાઢી. ટાઢ વાય ટાઢી

ડગ ડગ ડગ ડગ ડગ ડગડગ દાઢી.

મમ્મીને અડધેથી અટકાવીને મનનભાઇ કહે, મમ્મી !ગ ગલપટટાનો ને ટ ટોપાનો એમ ગાઓ તો પછી જ તો જે જ જરસીનો એમ ગાઓને!

મમ્મી તો સાંભળી જ રહી. નાનકડા મનનભાઇની મોટી જબરી અકકલ પર મમ્મી-પપ્પા બંને ખુશ થઇ ગયાં બોરડી પરથી ડાળ હલાવતાં બોર પડે ને? પારિજાતને હલાવતાં તેની ઉપરથી કેસરી ડાંડલીવાળાં સફેદ ફૂલ વરસી પડે ને? એમ મમ્મી-પપ્પાનું હેત મનનભાઇ પર વરસી પડયુ અને બીજે દિવસે એક-બે બીજા ખર્ચા માંડી વાળી મમ્મી-પપ્પાએ મનનભાઇને લઇ દીધી ૧૨૦ રૂપિયાની જરસી. સવારમાં મમ્મી મનનભાઇને જરસી પહેરાવીને ચેઇન બંધ કરતીતી ત્યારે મનનભાઇ અચાનક મમ્મીની અદમાં બોલ્યા,જોજે, કાઢીને ફેંકી દેતો નહી, ખોઇ નાખતો નહી અને મમ્મી હસી પડી. પછી તો મનનભાઇ જ તો છે જરસીનો ગાતા ગાતા રોફ મારતાં બાલમંદિરે આવ્યા. મનન-નમનની જરસીવાળી જુગલજોડી રાલમંદિરના બીજાં બાળકો મોઢું વકાસીને જોતા રહયાં. બે દિવસ તો ગરમી થાય તોય જરસી ઉતારી નહી. પણ ત્રીજા દિવસે બાળમંદિર ક્રિડાંગણમાં કૂણે તડકે રમવા જવાનુ હતુ તથી બહેને કહયુઃ જુઓ જેમને ગરમ કપડાં કાઢવા હોય તે કાઢીને કબાટ પાસે મૂકી દો. મેદાનમાં જઇને કાઢશો તો ત્યાં ભૂલીન આવશો. અને મનનભાઇએ પણ બીજાં દોસ્તોની સાથે પોતાની જરસી ઉતારીને આવડ્યું એવી સંકેલીને બહેનના કબાટ પાસે ગરમ કપડાંના ઢગલામાં મૂકી. વર્ગમાંથી નીકળીને સૌ બાલમંદિરના આંગણામાં રમવા માંડયા.ખૂ..બ રમ્યાં. આટલે આટલે પાણી રમ્યા, ટમેટું ટમેટું દરિયે નાહવા જાતું તું,રમ્યા, સાતતાલી રમ્યાં. માછલી-દા રમ્યાં. સાડા અગિયાર વાગ્યા એટલે નાસ્તો કરવા માટે બહેને બધાં બાળકોને વર્ગમાં બોલાવી લીધાં અને મનનભાઇ તો દોડતાં કબાટ પાસે પહોંચ્યા. પણ ગરમ કપડાંના ઢગલામાં એમની જરસી જ ન હતી. તેમને તો ફાળ પડી. એક બાજુ જરસી ગુમાવ્યાનુ દુઃખ અને બીજી બાજુ મમ્મી-પપ્પા વઢશે તેનો ડર. મનનભાઇ તો મંડયા રડવા. ગો...ળ...ગો...ળ... મોટી મોટીઆંખોમાંથી આંસુ જાય દોડયા દડ- દડ-દડ. પછી તો તેમની મમ્મીએ,તેમના મોટા સાહેબે, આખુ બાલમંદિર જોઇ નાંખ્યું પણ જરસી કયાંય ન મળી. સાહેબે કહ્યુ, કાલે વાલીઓ માટેના પાટીયામાં લખશું કે એક બાળકની જરસી

ખોવાઇ ગઇ છે. જેમને મળી હોય તે આપી જશો. ધરમાં આવતાં જ મમ્મી તો રડી પડી. પપ્પા કહે હશે, ચાલો જેવું ભગવાને ધાર્યુ હોય તેવું થાય. આ પૈસા અણહકના હશે. ૧૨૦ રૂપિયા જેટલું હું કામ કરવાને બદલે બેઠો બેઠો કમાયો હોઇશે. નોકરી કરવામાં જાણ્યે કાંઇક ભૂલ થઇ હશે, તેથી આપણે તેટલા રૂપિયાની જરસી ખોવી પડી- એમ સમજો અને એવું નહી હોય તો કાલે કોઇ બાળક અથવા તેની મમ્મી કે પપ્પા જરસી પાછી દેવા આવશે.

મમ્મી કહે એવું નહીં બને. જરસી તો હવે ગઇ જ સમજો. આવી કડકડતી ઠંડીમાં કયું ગરીબ માણસ જરસી પાછી દેવા આવે ? જનમારામાંય જેમણેઆવુ મોઘું લૂગડું જોયું ન હોય એ કયાંથી પાછું આપે ?

પપ્પા કહે, કોઇ બાળક જો જરસી લઇ ગયું હશે તો તેની મમ્મી કે પપ્પા તેને કહેશે કે કોઇનું કાંઇ લેવાય નહી. જયાંથી લાવ્યો હોય ત્યાં મૂકી આવ. કાં તો તેઓ જ અમારું બાળક આ ભૂલમાં લઇ આવ્યું હતું.-કહેતા આપવા આવશે. મમ્મી કહે, બાળકને કશું ગમી વાય અને તેને લઇ લેવાનું મન થાય તો તેને તરત વિચાર આવે કે મમ્મી પપ્પા વઢશે. તથી કોઇની વસ્તુ ચોરીને ઘેર લઇ જવાનું એવા જ બાળકને સૂજે કે જેનાં મમ્મી-પપ્પા ચોર હોય. તથી જરસી હવે પાછી નહીં મળે;

પપ્પા કહે,તું અઠવાડિયું જોયા કરજે. કદાચ કોઇ બાળક પહેરી લાવ્યુ હોય. મમ્મી કહે ,એવુ બને. ઠંડી આખો દિવસ રહે છે. તથી તે બાળકની મમ્મી તેને બાલમંદિર સિવાય ઘણે બધે ઠેકાણે જરસી પહેરાવી શકશે. પકડાઇ જવાના ડરે તે તેને બાલમંદિરામાં જરસી પહેરાવીને નહીં માકલે. પપ્પા કહે, થયુ. આપણી હવે આ વરસે બીજી જરસી અપાવી દઇશ. હોં બેટા !

મનન કહે , મારે હવે જોઇતી જ નથી. પપ્પા મનનના ડહાપણ ઉપર ખુશ થઇ ગયા. બોલ્યા, તુ જ તો છે જરસીનો-એમ ગાતોતો ને ? હવે ગાવાનું કે, ખ તો છે ખોવાયોનો !

નાનકડા મનને મમ્મી-પપ્પાની વાતચીતમાંથી થોડું સમજાયું, થોડું ન સમજાયું. પણ તે એટલું તો જરુર સમજયો કે જેની પાસે જરસી નહીં હોય તે જરસી લઇ ગયું. તે ગંભીર થઇ ગયો. એના નાનકડાં મનમાં ઘણુંય થતું હતું. કાલે નમને જરસી પહેરી હશે અને પોતે એક વર્ષ સુધી જરસી નહીં પહેરી શકે. વળી એમેય થતું તું કે મમ્મી કેવી રડતી બિચારી પછી એમેય થતું કે પોતે એક વર્ષ સુધી જરસી નહીં પહેરી શકે. વળી એમેય થતું કે પોતે અને મમ્મી કેવા ડરતા હતા કે પપ્પા ઓફિસેથી આવીને વઢશે, મારશે. તેને બદલે પપ્પાએ તો કોઇ વાંધો નહીં, હો બેટા! એમ કહ્યું. પપ્પા કેટલા સારા છે! પપ્પા-મમ્મી શાંત થઇ ગયા તો પણ મનનનું મન શાંત ન થયું. ઝરણું કલકલ કરતું ગાતું નાચતું અચાનક થંભી જાય તો કેવું લાગે ? ફાળ ભરીને દોડતુ હરણુ અચાનક થંભી જાય તો કેવું લાગે ? મનન પણ એવો લાગતો હતો. પડી ગયેલું મોઢું અને ચિંતાતુર આંખો, તેણે રાતે દુધનો પ્યાલો આખો ન પીધો. અને છાનો માનો એકેય હાલા-ગીત સાંભળવાની હઠ કર્યા

સૂઇ જવા લાગ્યો સૂતા પહેલાં મમ્મીને કહ્યું કે મમ્મી રામ રક્ષા ગા ત્યારે જે જે બાપાને કહેજે કે કાલે મારી જરસી પાસી મળી જાય એવું કાંઇક કરે. બીજે દિવસે તેણે અને તેની મમ્મીએ બાલમંદિરે રાહ જોયા કરી પણ જરસી પાછી આપવા કોઇ ન આવ્યું. મનનને યાદ આવ્યું: અગાશીની વંડી ઉપર પંખી માટે પહેલવહેલી માટીની ઠીબની પરબ માંડી ત્યારે તેણે આખો વખત કોઇ ચકલું-પારેવું, હોલું-લેલું, કાબર-કુબર પાણી પીવા આવે તેની રાહ જોયા કરેલી પણ કોઇ ન આવ્યું ત્યારે તે આવો જ નિરાશ થયેલો.

પ્રાર્થનામાં સાહેબે બાળકોને ધીરેધીરે, વઢયા વિના, કોઇનું કાંઇ લેવાય નહીં, લીધું હોય તો પાછું દઇ દેવાય-એવું સમજાવીને મનનને સ્ટેઇજ ઉપર ઉભો કરી કહ્યું, આ બાબાની જરસી ખોવાઇ છે. તમે ભૂલમાં લીધી હોય તો પાછી આપી દેજો મનનને થયું કે બાળકો બધા ડાહ્યા છે. કાલે જરુર જરસી પછી આવશે.

ત્રીજે દિવસે મમ્મી તેડવા આવી ત્યારે તેણે સાહેબને પૂછયું કે જરસી મળી ? કોઇ દેવા આવ્યું હતું? સાહેબે કહ્યું, ભારે થઇ બહેન, તમારા બાળકની જરસી અમારા બાલમંદિરમાંથી ખોવાઇ ગઇ તેનું અમને દુ:ખ છે. ત્યાં મનનભાઇ દોડતાં આવીને મમ્મીને બાજી પડયા. બોલ્યા: મમ્મી ! જરસી મળી ગઇ. હે ? કયા છે ? એક છોકરો જરસી લઇને આવ્યો હતો.

તો તેં લઇ કેમ ન લીધી ? ચાલ દેખાડ, કોણ લાવ્યો તો? મનન કહે પણ સાંભળ તો ખરી તે છોકરો મને જરસી આપને કહે કે લે, આ તારી જરસી, હું લઇ ગયેલો. મેં પૂછયું, તું કેમ લઇ ગયો હતો ? તો બિચારો કહે મારી પાસે બંડીય પહેરવાની નથી. મને ટાઢ વાતીતી એટલે લઇ લીધી હતી. મે કહ્યું તારા પપ્પાને કહેજે કે તને સ્વેટર લઇ દે. તો એ બિચારો કહે મારે પપ્પાય નથી. તે તો મરી ગયા છે. મે તારી જરસી લઇ લીધીતી પણ કાલે સાહેબે કહ્યું ને કે કોઇનું કાંઇ લેવાય નહીં, એટલે તને પાછી આપી દઉં છું. એટલે મમ્મી, મેં એને કહ્યું કે રાખ તું તારી આગળ. હવે આ જરસી તું જ પહેરજે. એટલે ડગ ડગ ડગ ડગ દાઢી નહીં થાય હું તો હવે મારું સ્વેટર પહેરીશ. આ સાંભળીને મમ્મીએ તો તેના લાડલા મનનનભાઇને દીકરો મારો ડાહ્યો કહીને તેડી લીધો અને બચીઓથી નવડાવી નાખ્યા. મોટાસાહેબે તો સાડાત્રણ-ચાર વર્ષના બાળકની આ સમજ, આ ઉદારતા જોઇને નવાઇ પામી ગયા. મનનભાઇના મુખ ઉપર જરસી મળી ગઇ તેનો આનંદ હતો, અને તેમની મમ્મીના મુખ ઉપર દીકરાએ જરસીનું દાન કર્યું તેનો આનંદ હતો. મનનના પપ્પાએ આ વાત જાણી ત્યારે તેમને તો મનનભાઈમાં કોઈ મહાત્માના દર્શન થવા લાવ્યા.ચાલ, ભાગ અપાવું કહીને બજારમાં તેડી ગયા. પણ ભાગનું તો બહાનું હતું હો ભાઈ! પપ્પાએ મનનભાઈને શું લઈ દીધું ખબર છે? એક નવી જરસી. બીજે દિવસે મનન-નમનની જરસીવાળી જુગલ જોડી બાલમંદિરના આગણામાં રેતીની ઢગલો કરતી કરતી ગાતી હતી: ટાઢ વાય ટાઢી, ડગ ડગ ડગ ડગ ડગ ડગ થાય

દાઢી. જ જમરૂખ નો? ના ભાઈ!ના ના. જ તો છે જરસીનો. મનનભાઈને તેડવા આવેલી મમ્મીએ બાળકોને ગાતાં સાંભળીને મનોમન નોંધ્યું કે ટાઢનું ગીત જે જરસી પહેરી શકે તેને જ ગાવાનું સૂઝે. ખરેખર જેમને ટાઢ વાય છે. તેમને તો શું ગાવું અને શું નાચવું? કેટલાંય ગરીબ બાળકો ટાઢે ઠૂઠવાતા હશે! અને ત્યારે તેઓ ગાતાં નહીં હોય, પણ રોતાં હશે. આ બાજુ, બજારમાં ભેગા થઈ ગયેલા નમનના પપ્પા મનનના પપ્પાને કહેતા તા: તમારા બાબાએ તો કમાલ કરી! મેં નમન પાસેથી વાત જાણી. આવડા બાળક માટે આ ઘણું કહેવાય. ભાઈ, આપણો દેશ તો બહુ ગરીબ છે. આપવા જઈએ તો કોને કોને અને કટલાને આપવું? એટલે મેં તો નક્કી કયું છે કે કોઈનેય આપવું નહીં. સૌ સૌના ભાગ્ય પ્રમાણે ભોગવે છે. મનનના પપ્પા કહે, સાચે જ, આપણો દેશ બહુ ગરીબ છે. આપણે તે કેટલાને આપી શકીએ? એટલે મેં તો હવેથી મારા નાના ગજા પ્રમાણે નક્કી કર્યું છે કે દર વર્ષે શિયાળામાં કોઈ એક ગરીબ બાળકને એક જરસી ભેટ આપવી.

**- રક્ષાબહેન દવે**